| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૦/૧૧/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮ લીટર દેશી દારૂ, ૨૫૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૮૧/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૮૨/૨૦૨૩

**નારોલઃ** દિલીપભાઇ છગનભાઇ ખટીક (ઉ.વ.૩૧)(રહે.બહુચર વિજય સોસાયટી, શારદા સ્કુલ પાસે, મોની હોટલના ખાચામાં, નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧૧/૨૦૨૩ ના કલાક ૦૦/૧૫ થી સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- તેમજ મકાનની બહાર પાર્ક કરેલ એક્ટીવા નંબર જીજે.૨૭.એફજી. ૫૩૧૩ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ઘાસુરા ચલાવે છે.

**ઓઢવઃ** નિકુંજભાઇ શૈલેષભાઇ પારેખ (ઉ.વ.૩૮)(રહે.નીશીતપાર્ક સોસાયટી, આદીનાથનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૧૫ થી બપોરના ૩/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પહેલા માળનો દરવાજો તોડી અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી મોબાઇલ ફોન નંગ-૨ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/-, રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૧,૯૨,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ધાબા ઉપરથી પડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૩/૨૦૨૩**

**શહેરકોટડાઃ** વિશાલભાઇ કાન્તીભાઇ પટણી (ઉ.વ.૨૭)(રહે.વિજયમીલ ઔડાના મકાન ફ્રુટ માર્કેટ પાસે શહેરકોટડા) તા.૧૮/૧૧/૨૦૨૩ રાતના ૯/૩૫ વાગ્યાના સુમારે પોતાના મકાનના ધાબા ઉપરથી પગ લપસી જતા પડી જતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૩ સવારના ૯/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠીસિંહ કેસરીસિંહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૮૪/૨૦૨૩**

**ખાડીયાઃ** હેમંતકુમાર બિશ્રામ (રહે.ચોરૈગા બલોદાબજાર છત્તીસગઢ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૩ સવારના ૧૧/૦૦ થી તા.૧૯/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પાંચકુવા “હોટલ તુરાબ ઇન” ખાતે હોટલની રૂમમાં પોતાની જાતે પંખા સાથે લુંગી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોતા નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિપસંગજી ઉદાજી ચલાવે છે.

**આનંદનગરઃ** નરેન્દ્રભાઈ કાળુભાઈ મોદી (ઉ.વ.૫૦)(રહે.સૌભાગ્ય લક્ષ્મી કૃપા સોસાયટી વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૩ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના કડા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયંતીભાઈ પોપટભાઈ ચલાવે છે.

**બોડકદેવઃ** જાગૃતિબહેન જીગ્નેશભાઇ ગાંગડીયા (ઉ.વ.૨૬)(રહે.સોમાભાઈ ભરવાડની ચાલી હેબતપુર ગામ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બોડકદેવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એન” ડિવીઝન ચલાવે છે.

**બાપુનગરઃ** દિપીકાબહેન વા/ઓ ચિરાગભાઇ પરદેશી (ઉ.વ.૩૦)(રહે.શરણમ હાઇટ્સ શિવ શક્તિ મંદિર પાસે હિરાવાડી રોડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૩ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને “સ્ટાર હોસ્પિટલ” માં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૯/૧૧/૨૦૨૩ સવારના ૭/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.બી.કુંપાવત ચલાવે છે.

**ઓઢવ**ઃ વૃષાકભાઇ યોગેશભાઇ ગોન્નાડે (ઉ.વ.૧૭)(રહે.રઘુવીર એપાર્ટમેન્ટ,પંચદેવ મંદીર પાસે, અર્બુદાનગર ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૧૧/૨૦૨૩ સાંજના ૬/૦૦ થી રાતના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

**ઇસનપુર**ઃ શારૂખમીયા કમરૂદિન પીરજાદા (ઉ.વ.૨૭)(રહે.ચંડોળા તળાવના કાચા છાપરા “બી” વોર્ડ ગલી, ઝારા ફેલ્ટ સામે ચંડોળા શાહેઆલમ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૩ ના કલાક ૦૦/૨૫ વાગ્યા પહેલા પોતાના ઘરે દુપટ્ટા વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.તેલે ચલાવે છે.

**નારોલ**ઃ અર્જુન ભરતસિંગ ચૌહાણ (ઉ.વ.૨૪)(રહે.સોહંગહિલ આકુતિ ટાઉનશીપની બાજુમાં નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૧૧/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી